373-450-09-2016

# ગુજરાત યુનિવર્સિટી

યુવક કલ્યાણ વિભાગ, નવરંગપુરા , અમદાવાદ -૯.

યુ.ક. નં/૦૫૭/૨૦૧૬ તા:૩૧/૦૮/૨૦૧૬

## વિષય:બેઝીક પર્વતારોહણ તાલીમ શિબિર – જુનાગઢ

આચાર્યશ્રી/અધ્યક્ષશ્રી,

આપને જાણીને આનંદ થશે કે પર્વતારોહણ તાલીમ શિબિરની સફળતા અને વિધાર્થીઓમાં પ્રસરેલી રૂચી જોઈ આગામી ડીસેમ્બર – જાન્યુઆરી માસમાં અનુકુળતા મુજબ બેઝીક પર્વતારોહણ તાલીમ શિબિર વિદ્યાર્થી ભાઈઓ અને બહેનો માટે યોજવાનું વિચારણા હેઠળ છે. આ શિબિરોનું આયોજન ગુજરાત રાજ્ય પર્વતારોહણ સંસ્થાના પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર, જૂનાગઢ ખાતે યોજવામાં આવશે.

શિબિર સ્થળે આવવા જવાનો ખર્ચ વિદ્યાર્થીઓએ પોતે અથવા કોલેજે ભોગવવાનો રહેશે. જયારે યુનિવર્સિટી તરફથી ઉપરોક્ત પર્વતારોહણ સંસ્થાના સહયોગથી રહેવા, જમવા તથા તાલીમની સગવડ શિબિર સ્થળે કરવામાં આવશે. આથી આપને વિનંતી કરવાની કે બેઝીક પર્વતારોહણ તાલીમ શિબિરમાં જોડવા ઉત્સુક, ખડતલ, નીડર તેમજ સાહસિક એક વિદ્યાર્થી ભાઈ તથા એક વિદ્યાર્થિની બહેનનું નામ આ સાથે જોડેલ એપ્લીકેશન ફોર્મમાં ઝેરોક્ષ કરાવીને કોલેજના ફોરવર્ડીંગ લેટર સાથે **તા: 30/0૯/૨૦૧૬ સુધીમાં** આ કાર્યાલયને મળે તે પ્રમાણે મોકલી આપશોજી. ફક્ત એક વિદ્યાર્થી ભાઈ તથા એક વિદ્યાર્થિની બહેનનું નામ જ મોકલી આપવાનું રહેશે. તેની ખાસ તકેદારી રાખવી. **એપ્લીકેશન ફોર્મમાં એનરોલમેન્ટ નંબર લખવો ફરજીયાત છે.**

એન.સી.સી.માં વિશિષ્ટ સ્થાન કે વધુ રસ ધરાવતા તેમજ શિબિર જીવનની અગવડતાઓ વેઠવાની માનસિક તથા શારીરિક ક્ષમતા ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓને આપને યોગ્ય લાગે તો પ્રાથમિકતા આપવા સુચન છે. શિબિર માટેની વિદ્યાર્થીઓની આખરી પસંદગી યુનિવર્સિટી દ્વારા કરવામાં આવશે. જરૂર જણાય ૮૦૦ મીટર દોડની કસોટી લેવામાં આવશે. કસોટી સ્થળે આવવા જવાનો ખર્ચ વિદ્યાર્થીઓએ પોતે ભોગવવાનો રહેશે. શિબિર દરમ્યાન જો કોઈ અકસ્માત થાય કે બીમાર પડે તો તેની જવાબદારી જે તે વિદ્યાર્થિની રહેશે અને સારવારનો સંપૂર્ણ ખર્ચ પણ જે તે વિદ્યાર્થીએ ભોગવવાનો રહેશે. શિબિરની તારીખો અને સ્થળ અંગેની માહિતી તેમજ પસંદગીપત્ર એપ્લીકેશન ફોર્મમાં જણાવેલ ઈ-મેઈલ પર મોકલી આપવામાં આવશે. પસંદગી પામેલ વિદ્યાર્થીઓએ સંમતિપત્ર રૂબરૂ જમા કરાવવાનું રહેશે. પસંદગી પત્ર ઈ-મેઈલ દ્વારા જ મોકલવામાં આવશે, જે અંગેની જાણ વિદ્યાર્થીઓને કરી આ સાથેના એપ્લીકેશન ફોર્મમાં ઈ-મેઈલ એડ્રેસ અવશ્ય દર્શાવવું. હવે પછીના બધાજ પત્રવ્યવહાર ઈ-મેઈલ પર કરવામાં આવશે. આ પર્વતારોહણ તાલીમ શિબિરના સંચાલક તરીકે મ. નિયામક, યુવક કલ્યાણ કે તેમના પ્રતિનિધિ તથા ગુજરાત રાજ્ય પર્વતારોહણ સંસ્થાના પ્રતિનિધિ રહેશે.

નોંધ: જે વિદ્યાર્થીઓએ અગાઉ બેઝીક પર્વતારોહણ તાલીમ શિબિરમાં (માઉન્ટ આબુ કે જુનાગઢ) ભાગ લીધો હોય તેવા વિદ્યાર્થીઓ આ શિબિરમાં ભાગ લઇ શકશે નહીં, તેની ખાસ તકેદારી રાખશો.

આભાર સહ,

**ફોર્મ જમા કરાવવાનો સમય: ૧૧-30 થી ૨-00 વાગ્યા સુધી**

(ડો. વી.કે. ચાવડા)
મ. નિયામક
યુવક કલ્યાણ

બિડાણ: ઉપર મુજબ

(૧) યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, વિદ્યાભવનના અધ્યક્ષશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાશ્રીઓ

(૨) ઇન્ફોર્મેશન સેન્ટરના ઇન્ચાર્જશ્રી – વિદ્યાર્થીઓને માહિતી આપવા સારૂં.

(૩) નિયામકશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર, ગુજરાત યુનિવર્સિટી, - વિદ્યાર્થીઓ માટે વેબસાઈટ પર અપલોડ કરવા સારૂં.

# GUJARAT UNIVERSITY

DEPARTMENT OF YOUTH WELFARE

**Paste your recent passport size colour photograph signed by Principal**

## APPLICATION FORM

**CAMP NAME:** ______________________________

1. Student Name: ______________________________
2. Student Address: ______________________________

   ______________________________

   ______________________________

   ______________________________ Pin Code: ____________
3. Name of the College: ______________________________
4. Enrollment No.: ______________ Studying Class: ____________
5. Contact No.: (STUDENT) ____________ EMERGENCY : ____________
6. E-mail **(COMPULSORY)** ______________________________
7. Date of Birth: ______________________________
8. Experience in Adventure/Outdoor Activities: ______________________________

______________________________

(Signature of the Student)

I hereby certify that the above mentioned information is correct as per our college record and best of my knowledge and belief.

______________________________

(Signature of the Principal
& College Seal)